# ✻ 13. अनपराद्धा अत्रभवती ✻

[**પ્રસ્તાવના :** સંસ્કૃતસાહિત્ય જગતમાં સૌથી પ્રાચીન નાટ્યકાર તરીકે મહાકવિ ભાસ પ્રસિદ્ધ છે. તેમણે કુલ તેર નાટ્યકૃતિઓ રચી છે, જેને ભાસનાટકચક્ર તરીકે ઓળખવામાં આવે છે. આ નાટકોમાંથી બે રામકથા ઉપર, છ મહાભારતકથા ઉપર, એક કૃષ્ણકથા ઉપર, બે ઉદયનકથા ઉપર અને બે કલ્પિતકથા ઉપર આધારિત છે. રામકથા ઉપર આધારિત નાટકો (1) अभिषेकनाटकम् અને (2) प्रतिमानाटकम् નામે છે. પ્રસ્તુત નાટ્યાંશ प्रतिमानाटकम्માંથી લેવામાં આવ્યો છે.

प्रतिमानाटकम्નું કથાવસ્તુ રામના વનવાસથી લઈને તેમના પુનઃ રાજ્યાભિષેક સુધીની કથાને આવરી લે છે. એ ધ્યાનપાત્ર છે કે વાલ્મીકિના રામાયણમાં આ કથાવસ્તુ જે રીતે આલેખિત છે, તેમાં મહાકવિ ભાસે કેટલાક મૌલિક ફેરફાર કર્યા છે. તે મુજબ રામના વનગમન બાદ મોસાળ ગયેલો ભરત અયોધ્યામાં પાછો ફરે છે. ભરતને દશરથના મૃત્યુના સમાચાર આપવા માટે અહીં ભાસે એક સુંદર પરિકલ્પના કરી છે. ભરત અયોધ્યામાં પ્રવેશ કરે, તે પહેલાં તેને નગરની બહાર બનાવેલા પ્રતિમાગૃહમાં લઈ જવામાં આવે છે. આ પ્રતિમાગૃહમાં પૂર્વજોની પ્રતિમાઓ મૂકેલી છે, જેમાં દિલીપ, રઘુ અને અજની સાથે સાથે દશરથની પ્રતિમા પણ છે. આ પ્રતિમા-દર્શન કરાવીને ભરતને દશરથના મૃત્યુની જાણ કરાય છે. આમ, કવિએ પ્રતિમાગૃહનું જે આ દૃશ્ય રચ્યું છે, તેના ઉપરથી આ કૃતિને પ્રતિમાનાટક શીર્ષક આપવામાં આવ્યું છે.

પ્રતિમાનાટકમાં મહાકવિ ભાસે બીજા પણ અનેક પરિવર્તનો કર્યાં છે. તેમાં રામને ચૌદ વરસના વનવાસની માગણી કરનાર કૈકેયીના પાત્રના ઉદાત્તીકરણનો પણ સમાવેશ થાય છે. અહીં કૈકેયીએ દશરથ પાસે રામના વનવાસની જે માગણી કરી હતી, તેની પાછળના એક નવા જ કારણની કવિએ પરિકલ્પના કરી છે. તે મુજબ શ્રવણના પિતાનો પુત્રવિયોગરૂપી શાપ અલ્પકાળમાં ભોગવાઈ જશે, એમ વિચારીને કૈકેયીએ રામના વનવાસની માગણી કરી હતી. આમ દર્શાવીને મહાકવિ ભાસે કૈકેયીના પાત્રનું ઉદાત્તીકરણ કર્યું છે. ]

---

**सुमन्त्रः** – कुमार,

कुतः क्रोधो विनीतानां लज्जा वा कृतचेतसाम्।
मया दृष्टं तु तच्छून्यं तैर्विहीनं तपोवनम्॥

**भरतः** – क्व गता इति श्रुताः।

**सुमन्त्रः** – अस्ति किल किष्किन्धा नाम वनौकसां निवासः। तत्र गताः।

**भरतः** – हन्त, अविज्ञातपुरुषविशेषाः खलु वानराः। दुःखिताः प्रतिवसन्ति।

**सुमन्त्रः** – तिर्यग्योनयः अपि उपकृतमवगच्छन्ति।

**भरतः** – तात, कथमिव।

**सुमन्त्रः** – सुग्रीवो भ्रंशितो राज्याद् भ्राता ज्येष्ठेन वालिना।
हतदारो वसन्शैले तुल्यदुःखेन मोक्षितः॥

**भरतः** – कथं तात तुल्यदुःखेन नाम।

**सुमन्त्रः** – (आत्मगतम्) हन्त, सर्वमुक्तमेव मया। (प्रकाशम्) कुमार, न खलु किञ्चित्। ऐश्वर्यभ्रंशतुल्यता मम अभिप्रेता।

**भरतः** – तात, किं गूहसे। स्वर्गं गतेन तातपादमूलेन शापितः स्याः, यदि सत्यं न ब्रूयाः।

**सुमन्त्रः** – का गतिः। श्रूयताम्,

वैरं मुनिजनस्यार्थे रक्षसा महता कृतम्।
सीता मायामुपाश्रित्य रावणेन ततो हृता॥

**भरतः** – कथं हृतेति। (मोहमुपगतः।)

**सुमन्त्रः** – समाश्वसिहि, समाश्वसिहि।

**भरतः** – (पुनः समाश्वस्य) भोः, कष्टम्। किमिदानीं करिष्ये। भवतु, दृष्टम्। अनुगच्छतु मां तात देवीनां चतुःशालम्। (निष्क्रान्तौ।)

(उभौ चतुःशालं प्रविशतः)

**प्रतिहारी** – जयतु भर्तृदारकः। विजया खल्वहम्।

**भरतः** – विजये, ममागमनं निवेदय अत्रभवत्यै।

**विजया** – कतमस्यै भटिन्यै निवेदयामि।

**भरतः** – या मां राजानमिच्छति।

**प्रतिहारी** – (आत्मगतम्) किं खलु भवेत्। (प्रकाशम्) भर्तः तथा। (निष्क्रम्य प्रविशति।)

**भरतः** – विजये, किं निवेदितम्।

**विजया** – आम्।

(ततः सर्वे चतुःशालं प्रविशन्ति।)

**कैकेयी** – जात, विजया मन्त्रयते रामस्य सकाशात् सुमन्त्रः आगत इति।

**भरतः** – अतः परं प्रियं निवेदयामि। श्रूयताम्।

यः स्वराज्यं परित्यज्य त्वन्नियोगाद् वनं गतः।
तस्य भार्या हृता सीता पर्याप्तस्ते मनोरथः॥

**कैकेयी** – हम्।

**भरतः** – हन्त भोः सत्त्वयुक्तानामिक्ष्वाकूणां मनस्विनाम्।
वधूप्रधर्षणं प्राप्तं प्राप्यात्रभवतीं वधूम्॥

**कैकेयी** – (आत्मगतम्) भवतु। इदानीं कालः कथयितुम्। (प्रकाशम्) जात, त्वं न जानासि महाराजस्य शापम्।

**भरतः** – शप्तो महाराजः।

**कैकेयी** – सुमन्त्र, आचक्ष्व विस्तरेण।

**सुमन्त्रः** – श्रूयताम्। पुरा मृगयां गतेन महाराजेन कस्मिंश्चित् सरसि कलशं पूरयमाणो वनगजशङ्कया शब्दवेधिना शरेण महर्षेः चक्षुर्भूतो मुनितनयो हिंसितः।

**भरतः** – हिंसित इति। शान्तं पापम्। ततस्ततः।

**सुमन्त्रः** – ततस्तमेवं गतं दृष्ट्वा,

तेनोक्तं रुदितस्यान्ते मुनिना सत्यभाषिणा।
यथाहं भोस्त्वमप्येवं पुत्रशोकाद् विपत्स्यसे। इति॥

**भरतः** – नन्विदं कष्टं नाम।

**कैकेयी** – जात, एतन्निमित्तमपराधे मां निक्षिप्य पुत्रको रामो वनं प्रेषितः, न खलु राज्यलोभेन।

अपरिहरणीयो महर्षिशापः पुत्रविप्रवासं विना न भवति।

**भरतः** – अथ तुल्ये पुत्रविप्रवासे कथमहम् अरण्यं न प्रेषितः।

**कैकेयी** – जात, मातुलकुले वर्तमानस्य प्रकृतीभूतस्ते विप्रवासः।

**भरतः** – अथ चतुर्दश वर्षाणि किं कारणमवेक्षितानि।

**कैकेयी** – जात, चतुर्दश दिवसा इति वक्तुकामया पर्याकुलहृदयया चतुर्दश वर्षाणीत्युक्तम्।

**भरतः** – अस्ति पाण्डित्यं सम्यक् विचारयितुम्। अथ विदितमेतद् गुरुजनस्य।

**सुमन्त्रः** – कुमार, वसिष्ठवामदेवप्रभृतीनाम् अनुमतं विदितं च।

**भरतः** – हन्त, त्रैलोक्यसाक्षिणः खल्वेते। दिष्ट्या अनपराद्धा अत्रभवती। अम्ब, यद् भ्रातृस्नेहात् मया दूषितात्रभवती, तत्सर्वं क्षन्तव्यम्।

## ટિપ્પણી

**विनीतानाम्** વિવેકી માણસોના **कृतचेतसाम् ( कृतं चेतः येषाम् ते, तेषाम् – बहु. )** વિચારશીલ માણસોના **वनौकसाम् ( वनम् ओकः येषां ते, तेषाम् – बहु. )** વનવાસીઓના **अविज्ञातपुरुषविशेषाः ( न विज्ञातः – न.तत्पु., पुरुषाणाम् विशेषाः – ष.तत्पु., अविज्ञाताः चामी पुरुषविशेषाः – कर्म. )** માણસોની વિશેષતાઓથી અજાણ **तिर्यग्योनयः** પશુ-પક્ષીઓ **उपकृतम्** ઉપકારને **अवगच्छन्ति ( अव + गम् > गच्छ्** જાણવું **व. अ. ब.व. )** જાણે છે **भ्रंशितः ( भ्रंश् + त, क.भू.कृ. )** ભ્રષ્ટ થયેલો **हृतदारः ( हृताः दाराः यस्य सः – बहु. )** અપહરણ થયેલું છે જેની પત્નીનું તેવો **तुल्यदुःखेन ( तुल्यम् दुःखम् यस्य सः, तेन – बहु. )** સમાન દુઃખવાળાથી **मोक्षितः** મુક્ત કરાયેલો છે **ऐश्वर्यभ्रंशतुल्यता ( ऐश्वर्यस्य भ्रंशः – ष.तत्पु., ऐश्वर्यभ्रंशेन तुल्यता – तृ.तत्पु. )** ઐશ્વર્યના નાશની સમાનતા **अभिप्रेता** કહેવાનો આશય છે, અભિપ્રેત છે. **गूहसे ( गूह्** છુપાવવું **व. म. ए.व. )** તું છુપાવે છે ? **तातपादमूलेन ( तातस्य पादमूलम्, तेन – ष. तत्पु. )** પિતાજીના ચરણ વડે **शापितः** સોગંદ પામેલો, શાપિત બનેલો **स्याः ( अस्** થવું, હોવું **वि. म. ए.व. )** તું થજે. **ब्रूयाः ( ब्रू** બોલવું, કહેવું **( वि. म. ए.व. )** તું બોલજે **रक्षसा ( रक्षस् तृ. ए.व. )** રાક્ષસ વડે **उपाश्रित्य ( उप + आ + श्रि + क्त्वा > य सं.भू.कृ. )** આધાર લઈને **मोहम्** મૂર્ચ્છા **समाश्वसिहि ( सम् + आ + श्वस् आ. म. ए.व. )** ધીરજ ધરો. **चतुःशालम्** રાણીવાસ, અંતઃપુર **अत्रभवत्यै** એ મહારાણીને **कतमस्यै भट्टिन्यै** કઈ મહારાણીને **भर्तः** હે સ્વામી **पर्याप्तः** પૂરો થયો **मनोरथः** કામના, ઇચ્છા **सत्त्वयुक्तानाम्** પરાક્રમીઓનું **मनस्विनाम्** સ્વમાનીઓનું **वधूप्रधर्षणम् ( वध्वाः प्रधर्षणम् – ष.तत्पु. )** વહુનું અપહરણ **आचक्ष्व ( आ + चक्ष्** કહેવું **आज्ञा म. ए.व. )** કહો. **सरसि** સરોવરમાં **कलशम्** કળશ, ઘડો **पूरयमाणः** ભરી રહેલો **वनगजशङ्कया ( वनस्य गजः – ( ष. तत्पु. ) वनगजस्य शङ्का, तया –तृ.तत्पु. )** જંગલી હાથીની શંકાથી **शब्दवेधिना ( शब्दं विध्यति, तेन – उप.तत्पु. )** શબ્દવેધી **शरेण** બાણથી **चक्षुभूतः** આંખ બનેલો **हिंसितः ( हिंस् + त क.भू.कृ. )** માર્યો **शान्तं पापम्** પાપ શાંત થાઓ **रुदितस्य** રુદનના **सत्यभाषिणा** સત્ય બોલનાર દ્વારા **विपत्स्यसे ( वि + पद् सा.भ. म. ए.व. )** તું મરણ પામીશ. **एतन्निमितम्** આ કારણથી **अपराधे** અપરાધમાં, અપરાધની બાબતમાં **निक्षिप्य ( नि + क्षिप् + क्त्वा > य सं.भू.कृ. )** નાખીને **अपरिहरणीयः ( नञ् + परि + हृ विध्यर्थ. कृ.पु. )** ટાળી ન શકાય તેવો **पुत्रविप्रवासम् ( पुत्रस्य विप्रवासः, तम् – ष.तत्पु. )** પુત્રના વિયોગને **जात ( संबोधन )** હે પુત્ર **मातुलकुले ( मातुलस्य कुलम् – ष.तत्पु. )** મોસાળમાં **प्रकृतीभूतः** સ્વાભાવિક બનેલો **विप्रवासः** વિયોગ **अवेक्षितानि ( अव + ईक्ष् + त क.भू.कृ. नपुं. प्र. ब.व. )** જોયેલાં, જોયાં હતાં તેવાં **वक्तुकामया ( वक्तुं कामः यस्याः सा, तया – बहु. )** બોલવાની કામના-ઇચ્છાવાળી **पर्याकुलहृदयया ( पर्याकुलं हृदयं यस्याः सा, तया – बहु. )** ગભરાઈ ગયેલા હૃદયવાળી **वसिष्ठवामदेवप्रभृतीनाम्** વસિષ્ઠ, વામદેવ વગેરેનું **अनुमतम्** સંમત, અનુમતિવાળું **त्रैलोक्यसाक्षिणः ( त्रैलोक्यस्य साक्षी, ते – ष.तत्पु. )** ત્રણેય લોકના સાક્ષી **दिष्ट्या** સદ્ભાગ્યે **अनपराद्धा** અપરાધરહિત **अम्ब ( संबोधन )** હે માતા **दूषिता ( दूष् + त क.भू.कृ. स्त्री., प्र. ए.व. )** દોષિત થયેલી **क्षन्तव्यम् ( क्षम् + तव्य विध्य. कृ.स्त्री. )** માફ કરવા યોગ્ય.

## સન્ધિ

क्रोधो विनीतानाम् (क्रोधः विनीतानाम्)। तच्छून्यम् (तत् शून्यम्)। तैर्विहीनम् (तैः विहीनम्)। गता इति (गताः इति)। सुग्रीवो भ्रंशितो राज्याद् भ्राता (सुग्रीवः भ्रंशितः राज्यात् भ्राता)। हृतदारो वसन् (हृतदारः वसन्)। मुनिजनस्यार्थे (मुनिजनस्य अर्थे) मायामुपाश्रित्य (मायाम् उपाश्रित्य)। ततो हृता (ततः हृता)। किमिदानीम् (किम् इदानीम्)। खल्वहम् (खलु अहम्)। निवेदयात्रभवत्यै (निवेदय अत्रभवत्यै)। पर्याप्तस्ते (पर्याप्तः ते)। प्राप्यात्रभवतीम् (प्राप्य अत्रभवतीम्)। शप्तो महाराजः (शप्तः महाराजः)। तेनोक्तम् (तेन उक्तम्)। रुदितस्यान्ते (रुदितस्य अन्ते)। भोस्त्वमप्येवम् (भोः त्वम् अपि एवम्)। नन्विदम् (ननु इदम्)। पुत्रको रामो वनम् (पुत्रकः रामः वनम्)। प्रकृतीभूतस्ते (प्रकृतीभूतः ते)। दिवसा इति (दिवसाः इति)। खल्वेते (खलु एते)।

## વિશેષ

### 1. अत्रभवती

સંસ્કૃત વાગ્વ્યવહારમાં માન આપવાના આશયથી પું.માં भवान् અને સ્ત્રી.માં भवती શબ્દ વપરાય છે, એ વાત જાણીતી છે. આ બંને શબ્દોના પ્રયોગ વખતે ક્રિયાપદમાં અન્યપુરુષ વપરાય છે. સંસ્કૃત નાટકોમાં કોઈને વધારે માન આપવા માટે અને પ્રત્યક્ષ હાજરી સૂચવવા માટે આ બંને શબ્દોની આગળ अत्र એવો અવ્યય વાપરવામાં આવે છે. આથી भवान् અને अत्रभवान् તથા भवती અને अत्रभवती શબ્દના અર્થમાં કોઈ ફેર પડતો નથી, પણ સંભાષણમાં માન આપવામાં આવી રહ્યું છે, એવો ભાવ ઉપસી આવે છે. (વ્યક્તિ અનુપસ્થિત હોય ત્યારે अत्रના સ્થાને तत्रનો પ્રયોગ થાય છે. જેમ કે तत्रभवान्, तत्रभवती)

અહીં પ્રસ્તુત પાઠમાં કૈકેયી તરફ માનનો ભાવ પ્રગટ કરવા માટે विजये, ममागमनं निवेदय अत्रभवत्यै। અને दिष्ट्या अनपराद्धा अत्रभवती। જેવાં ભરતનાં વાક્યોમાં अत्रभवती શબ્દનો પ્રયોગ થયો છે.

### 2. सुमन्त्रः

સુમન્ત્ર દશરથ રાજાના અત્યંત વિશ્વાસુ અને વફાદાર અમાત્ય હતા. ઈક્ષ્વાકુવંશમાં તેમનું સ્થાન ખૂબ જ આદરણીય હતું. રામ વગેરે ચારેય રાજકુમારો તેમને પિતૃતુલ્ય ગણતા હતા. ભરતે રામને લગતા સમાચાર જાણવા તેમને જનસ્થાનમાં મોકલ્યા હતા. સુમન્ત્ર જનસ્થાનમાં ગયા ત્યારે તે તપોવનમાં તેમને રામ, લક્ષ્મણ અને સીતા જોવા મળ્યાં ન હતાં. સીતાના અપહરણ અને રામના કિષ્કિન્ધા નગરીમાં ગમન અંગેની ખબર મેળવીને તેઓ અયોધ્યા પાછા ફર્યા હતાં. ભરતને આવા દુઃખદ સમાચાર કહેતાં તેઓ અત્યંત દુઃખ અનુભવે છે. દશરથને પ્રાપ્ત થયેલા મુનિના શાપથી તેઓ પરિચિત હતા અને પુત્રવિયોગથી થનાર દશરથના મૃત્યુને સંભવિત બનાવવા માટે કૈકેયીએ રામનો વનવાસ માગ્યો હતો તેમાં પણ તેઓ સાક્ષી હતા.

### 3. महाराजस्य शापः

પોતાની નિર્દોષતા પુરવાર કરવા માટે કૈકેયી દશરથને પ્રાપ્ત થયેલા મુનિશાપની કથા કહે છે. દશરથ રાજા એકવાર શિકાર કરવા ગયા ત્યારે તેમણે એક સરોવરના કિનારેથી કોઈ જંગલી હાથીના ધ્વનિ જેવો અવાજ સાંભળ્યો અને હાથીને હણવા માટે શબ્દવેધી બાણ છોડ્યું હતું, પરંતુ ત્યાં હાથીને બદલે પાણીનો ઘડો ભરતા શ્રવણ નામના એક મુનિકુમારને બાણ વાગતાં તે તરત જ મૃત્યુ પામ્યો હતો. તેના પિતા અંધ હોઈ તે તેમની આંખ સમાન હતો. પુત્રના આવા કારમા મરણથી મુનિને ખૂબ જ આઘાત લાગ્યો હતો. તેમણે દશરથને શાપ આપતાં કહ્યું હતું કે તારું મરણ પણ પુત્રના વિયોગથી જ થશે. પુત્રનો વિયોગ કાંતો તેના દૂર જવાથી થાય અથવા તેના મરણથી થાય. મુનિનો આ શાપ સત્ય હોઈ વસિષ્ઠ અને વામદેવ જેવા કુલપુરોહિતોની સંમતિથી કૈકેયીએ રામનો વનવાસ માગ્યો હતો.

## સ્વાધ્યાય

**1. अधोलिखितेभ्यः विकल्पेभ्यः समुचितम् उत्तरं चिनुत।**

(1) कुतः ............... विनीतानां लज्जा वा कृतचेतसाम् ?

(क) मोहः (ख) शोकः (ग) बोधः (घ) क्रोधः

(2) किष्किन्धा केषां निवासः ?

(क) इक्ष्वाकूनाम् (ख) वनौकसाम् (ग) महर्षीणाम् (घ) रक्षसाम्

(3) वालिना कः राज्याद् भ्रंशितः ?

(क) रावणः (ख) भरतः (ग) सुग्रीवः (घ) मुनिकुमारः

(4) रावणेन किम् उपाश्रित्य सीता हृता ?

(क) बलम् (ख) मायाम् (ग) शापम् (घ) मोहम्

(5) महर्षिणा कः शप्तः आसीत् ?

(क) रामः (ख) भरतः (ग) दशरथः (घ) रावणः

**2. अधोलिखितानां प्रश्नानां संस्कृतभाषया उत्तराणि लिखत।**

(1) रामस्य महता रक्षसा केन कारणेन वैरं जातम् ?

(2) दशरथेन कीदृशेन शरेण मुनिकुमारो हिंसितः ?

(3) पुत्रं हिंसितं ज्ञात्वा मुनिः दशरथं किम् उक्तवान् ?

(4) पर्याकुलहृदयया कति वर्षाणि उक्तानि ?

**3. બેથી ત્રણ વાક્યોમાં માતૃભાષામાં ઉત્તર આપો :**

(1) જનસ્થાન છોડીને રામ ક્યાં ગયા હતા ?

(2) વાનરો સાથેના વાસને ભરત કેમ દુઃખદ માને છે ?

(3) રામ અને સુગ્રીવ કઈ બાબતે સમદુઃખી છે ?

(4) સીતાના અપહરણના સમાચારથી દુઃખી ભરત ક્યાં જાય છે ?

(5) કૈકેયીએ રામનો વનવાસ કેમ માગ્યો હતો ?

**4. સમીક્ષાત્મક નોંધ લખો :**

(1) ભરતે કૈકેયીને આપેલો ઉપાલંભ

(2) દશરથને પ્રાપ્ત થયેલો શાપ

(3) કૈકેયીની નિર્દોષતા

**5. સસંદર્ભ સમજાવો :**

(1) कुतः क्रोधो विनीतानां लज्जा वा कृतचेतसाम्।

(2) तिर्यग्योनयः अपि उपकृतमवगच्छन्ति।

(5) दिष्ट्या अनपराद्धा अत्रभवती।

•